# أحكام الدماء الطبيعية للمرأة

# મહિલાઓ માટે માસિક સ્ત્રાવ ના અહકામ

ગુજરાતી ભાષા

اللغة الغوجاراتية




## શેખ હૈશામ સરહાન

સુન્નાહ શૈક્ષણિક કેન્દ્રના વડા


ગુજરાતી અનુવાદ : અબ્દુલકાદિર નદીસરવાલા


ALSARHAAN.COM

MAHADSUNNAH.COM

- મૂંઝવણભર્યા પ્રશ્નો જે વારંવાર સ્ત્રીઓના લોહી વિશે પૂછવામાં આવે  છે.
- શું આ લોહીના કારણે તેઓએ નમાઝ છોડી દેવી જોઇએ?
- કે પછી તેઓ ગુસ્લ કરીને નમાઝ પઢે ?

માસિક સ્રાવ (હૈઝ) : આ કુદરતી રક્ત છે. ચોક્કસ સમયે, તે બાળપણથી બહાર આવે છે. અલ્લાહે તેને બાળકના ખોરાક માટે શાણપણથી બનાવ્યું છે.

તેથી, જ્યારે કોઈ સ્ત્રી તેના ગર્ભાશયમાંથી લોહી વહેતું જુએ છે, ત્યારે તેણે તેની શરૂઆત અથવા અંતને ચોક્કસ વય સુધી મર્યાદિત કર્યા વિના તેને માસિક સ્રાવ તરીકે માનવું જોઈએ. તેની કોઈ લઘુત્તમ અથવા મહત્તમ મર્યાદા નથી.  હકીકતમાં, સ્ત્રી જે દર મહિને રક્ત તરીકે જુએ છે તે માસિક સ્રાવ છે.

માસિક સ્રાવનો સમયગાળો સામાન્ય રીતે છ કે સાત દિવસનો હોય છે.  માસિક સ્રાવથી સફાઈ (પાકી)સફેદ પ્રવાહી દ્વારા ઓળખવામા આવે છે.  તે સફેદ પ્રવાહી જે માસિક સ્રાવ પછી આવે છે. જો તે માસિક સ્રાવ પછી ન આવે, તો લોહીના સંપૂર્ણ સૂકવણી પછી માસિક સ્રાવથી પાક થવાય છે.

માસિક સ્રાવ વાળી સ્ત્રી નમાઝ અને રોઝા છોડી દે છે, છૂટી ગયેલા રોઝા પછીથી કઝા કરી લે પરંતુ નમાઝની કઝા નથી.

"ઇસ્તિહાઝા" રક્ત: ગર્ભાશયના નીચેના ભાગમાં રોગ અને નસની અગવડતાને કારણે માસિક સ્રાવ સિવાયના સમયે થતા રક્તસ્ત્રાવને ઈસ્તિહાઝા કહે છે..

## માસિક સ્રાવનું રક્ત અને ઇસ્તિહાઝાનુ રક્ત આના દ્વારા અલગ પડે છે:

-માસિક સ્રાવનું રક્ત જાડું, કાળું, દુર્ગંધ વાળું અને બહાર આવે ત્યારે સુકાઈ જતું નથી. ઇસ્તિહાઝા નું રક્ત પાતળું, ગંધહીન,લાલ અને જ્યારે તે બહાર આવે ત્યારે શુષ્ક હોય છે.

- માતાના ગર્ભમાંથી બહાર નીકળેલી દરેક વસ્તુ જ્યાં સુધી ઇસ્તિહાઝા હોવાના પુરાવા ન મળે ત્યાં સુધી તેને માસિક સ્રાવ માનવામાં આવે છે.  કારણ કે તે વાસ્તવિક કુદરતી રક્ત છે.

- "ઇસ્તિહાઝા" નું રક્ત એક રોગ જેવું છે.  પરંતુ આ રક્તનું મૂળ બિમારી છે.

- "ઇસ્તિહાઝા" ધરાવતી સ્ત્રી દરેક નમાઝ નો સમય થાય ત્યારે નમાઝ પઢે છે, રોઝા રાખે છે અને અશુદ્ધિ  દૂર કરે છે.

-"ઇસ્તિહાઝા" વાળી મહિલા માટે નમાઝ સરળ બનાવવા, તે તેમાંથી કોઈ એક નમાઝ નાં સમયે ઝોહર અને અસર, તથા મગરીબ અને ઇશાની નમાઝને જોડી શકે છે. પરંતુ માસિક સ્રાવ દરમિયાન તેણી નમાઝ અને રોઝા છોડી દે છે.

## "ઇસ્તિહાઝા" ધરાવતી મહિલાના 3 કેસ છે:

1- "ઇસ્તિહાઝા" પહેલા માસિક સ્રાવનો સમય હોવો : આ ક્ષણે તેણી તેનો સમયગાળો પૂરો થવાની રાહ જુએ છે, પછી ગુસ્લ(સ્નાન) કરીને નમાઝ પઢે છે.

2- માસિક સ્રાવની ગેરહાજરી : પરંતુ કેટલીક લાક્ષણિકતાઓ સાથે માસિક સ્રાવમાં તફાવત છે. આ ક્ષણે તે દિવસોની રાહ જુએ છે જ્યારે તેણી તેના માસિક રક્તની લાક્ષણિકતાઓને ન જુએ. પછી સ્નાન કરે છે અને નમાઝ પઢે છે.

3- માસિક સ્રાવની ગેરહાજરી અને ઈસ્તેહાઝાની ગેરહાજરી : તે દર મહિને છ કે સાત દિવસ રાહ જુએ છે, જેમ કે મોટા ભાગના કિસ્સાઓમાં.

**નિફાસ :** એટલે ગર્ભાશયમાંથી પ્રસૂતિ વખતે નીકળતું લોહી. તેની કોઈ લઘુત્તમ અથવા મહત્તમ મર્યાદા નથી. મોટેભાગે તે ચાલીસ દિવસ સુધી હોય છે.

ઉમ્મે સલમા (ર.દિ.) એ કહ્યું: "પયગમ્બર (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ના સમયે સગર્ભા સ્ત્રીઓ ચાલીસ દિવસ રાહ જોતી હતી." (અબુ દાઉદ/311)

સ્ત્રીએ શરિયતના આ નિયમો શીખવા, તેની નમાઝ અને રોઝા નો અભ્યાસ કરવા આતુર હોવું જોઈએ, જેથી તેણીને જન્નતમાં તેના રબની રજામંદી અને ઈનામ પ્રાપ્ત થાય.